શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જયોતિર્ગમય

(દ્વિમાસિક મુખપત્ર)

To, ____________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.
વર્ષ : ૫ - અંકઃ ૩૮ ઓકટોબર/નવેમ્બર-૨૦૧૪ (૦૨૮૬-૨૨૪૮૦૯૧)

## ૧) ગોઢાણિયા મહિલાકોલેજમાં 'ગાંધી જયંતિ'ની ઉત્સાહભેર ઉજવણી – 'સ્વચ્છ ભારત કાર્યક્રમ' અંતર્ગત સફાઈ અભિયાન – ચર્તુવિધ કાર્યક્રમોનું આયોજન.



ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં તા. ૦૨, ઓકટોબરના રોજ, રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીબાપુની ૧૪૪મી જન્મજયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. જેમાં પૂજ્ય ગાંધીબાપુને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

આ ઉપરાંત, 'સ્વચ્છ ભારત' કાર્યક્રમના ઉપક્રમે મહિલા કોલેજના તમામ વર્ગખંડો, એસેમ્બલી એરીયા, કોલેજ બિલ્ડીંગમાં સમાવિષ્ટ અંદર તથા બહારના બગીચાઓ, કોન્ફરન્સ રૂમ, સ્ટાફ કોમનરૂમ, તમામ ઓફિસ, ગ્રંથાલય, સેન્ટ્રલ હોલ, રમતનું મેદાન, સ્પોર્ટસ્ રૂમ, કોલેજ ફરતેનો વિસ્તાર, બધી જ સીડીઓ તથા હોસ્ટેલના બંને બિલ્ડીંગની સફાઈ કરવામાં આવી. જેમાં મહિલા કોલેજના ટ્રસ્ટી શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયા, તમામ પ્રાધ્યાપકશ્રીઓ તથા વિદ્યાર્થીનીઓ જોડાયા હતા. આ સ્વચ્છતા અભિયાનમાં જોડાયેલા સૌને કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ, ડૉ. ગીતાબહેન ઉનડકટ, પ્રા. દક્ષાબહેન ચોટાઈ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા તથા શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયાએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

સાથોસાથ 'ગાંધીજયંતિ'ના અનુસંધાને, તા. ૦૧ ઓકટોબરના રોજ, ગાંધી જયંતિના પૂર્વપ્રભાતે, મહિલા કોલેજમાં કાર્યરત એન.એસ.એસ. વિભાગ તથા કોમર્સ (અંગ્રેજી માધ્યમ) વિભાગના સંયુકત ઉપક્રમે પુજય ગાંધીબાપુને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાના હેતુથી એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબ ઉપરાંત, ડૉ. વી.આર. ગોઢાણિયા બી. એડ્. કોલેજમાંથી પ્રિન્સિપાલશ્રી ડૉ. એ.આર. ભરડા સાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી હીનાબહેન ઓડેદરા તથા તાલીમાર્થીઓ પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કોમર્સ (અંગ્રેજી માધ્યમ) ની વિદ્યાર્થીની કુ. રાજુકાએ સર્વધર્મ પ્રાર્થના રજુ કર્યા પછી, કુ. પ્રિયા ચૌહાણએ ગાંધીબાપુને અત્યંત પ્રિય ભજન 'વૈષ્ણવ જન...' રજુ કર્યું હતું અને પછી તરત જ મંચ ઉપર બિરાજમાન મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવાની સાથે જ ડૉ. નાગરસાહેબે સૌનું શબ્દસુમનથી સ્વાગત કર્યું હતું. જેમાં તેમણે ભારતસરકાર દ્વારા આયોજિત કાર્યક્રમ 'સ્વચ્છ ભારત' અંગેની બાબત સૌને જણાવી હતી. ત્યારબાદ પ્રાસંગિક ઉદ્બોધન કરતાં ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન ગોઢાણિયાએ ઉપસ્થિત વિદ્યાર્થીનીઓએ ગાંધીબાપુના વિચારો – સત્ય, અહિંસા અને સ્વચ્છતાનું પાલન કરવાનો સંકલ્પ લેવાની ભલામણ કરી હતી. આ પછી કોમર્સ (અંગ્રેજી માધ્યમ) ની વિદ્યાર્થીનીઓ કુ. આયુષી તથા કુ. પ્રિયાએ પૂજ્ય ગાંધીબાપુને અંજલિ આપતાં, 'દે દી હમેં આઝાદી' સૌની સમક્ષ રજુ કર્યું હતું તથા કુ. રિદ્ધિએ ગાંધીબાપુના જીવન પર આધારિત વકતવ્ય રજુ કર્યું હતું તથા કુ. નૈનિકાએ ગાંધીબાપુની દક્ષિણ-ભારતયાત્રા અંગેની વિગતો રજુ કરી હતી તથા ગાંધીબાપુના જીવન પર આધારીત કવીઝ તથા બે નાટક 'સ્વચ્છતા અભિયાન' તથા 'મહાત્મા' રજુ કરાયા હતા. જેમાં કોમર્સ (અંગ્રેજી માધ્યમ)ની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. 'મહાત્મા' નાટકનું દિગ્દર્શન શ્રી ચેતનભાઈ દવેએ કર્યું હતું. આ ઉપરાંત, કોમર્સ (અંગ્રેજી માધ્યમ) માં અભ્યાસ કરતી, ધો. ૧૨ માં ૮૦% કે તેથી વધુ ગુણ મેળવેલી ૧૦ વિદ્યાર્થીનીઓનું શિલ્ડ આપીને સન્માન કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન (અંગ્રેજી માધ્યમ) ની સચદેવ મિરાલી સેમ-૧ તથા જાદવ નમ્રતા સેમ-૫ એ કર્યું હતું.

આ ઉપરાતં, ગાંધી જયંતિના અનુસંધાને જ, તા. ૦૧ ઓક્ટોબરના રોજ, મહિલા કોલેજમાં કાર્યરત 'શ્રી વિવેકાનંદ કેન્દ્ર' તથા 'એન.એસ.એસ.વિભાગ' ના સંયુક્ત ઉપક્રમે, 'શ્રી રામકૃષ્ણ આશ્રમ, પોરબંદર' ખાતેથી આવેલ, 'શ્રી વિવેકાનંદ રથ'નું ઉત્સાહભેર સ્વાગત કરાયું હતું તથા 'શ્રી રામકૃષ્ણ આશ્રમ-પોરબંદર' ખાતેથી સ્વામીશ્રી આત્મદીપાનંદજી તથા તેમના સહયોગીઓ કોલેજ ખાતે પધાર્યા હતા અને સ્વામી શ્રી વિવેકાનંદજીના જીવન અને ઉદ્દેશ્ય સાથે સંબંધિત ૫૦૦૦ જેટલા પુસ્તકોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ નિહાળ્યું હતું. સાથે જ શ્રી રામકૃષ્ણ આશ્રમ, પોરબંદર તરફથી કોલેજ ખાતેના શ્રી વિવેકાનંદ કેન્દ્ર ને ૧૦૦૧ પુસ્તકો ભેટ સ્વરૂપે પણ આપવામાં આવ્યા હતા. સ્વામીશ્રી આત્મદીપાનંદજીએ ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને જણાવ્યું હતું, કે, તા. ૦૨ ઓક્ટોબરનો દિવસ સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ' તરીકે મનાવવામાં આવે છે. ગાંધીબાપુને યાદ કરતા તેમણે જણાવ્યું હતું કે, સ્વામીશ્રી વિવેકાનંદજીનો ઉપદેશ ગાંધીબાપુએ જીવી બતાવ્યો હતો. અસ્પૃશ્યતા નિવારણ અંગેના વિચારો પણ તેમને સ્વામી વિવેકાનંદજી પાસેથી પ્રાપ્ત થયા હતા.

આ રીતે, ડૉ વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં 'ગાંધી જયંતિ' ની ઉજવણીના અનુસંધાને બે દિવસ સુધી ચર્તુવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ૨) ગોઢાણિયા મહિલા કોલેજમાં 'સરદાર પટેલ જયંતિ'ની શાનદાર ઉજવણી :



ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૧૪ ના રોજ, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતિ નિમિતે તેમને ભાવાંજલિ આપવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા તથા હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પછી તરત જ પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવાની સાથે સાથે ૩૧ ઓક્ટોબરના દિવસનું મહત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ મહિલા કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. વાઘેલા સાહેબે શ્રી સરદાર પટેલના જીવન અંગેના, ગ્રંથપાલશ્રી ભાસ્કરભાઈ જાનીએ તેમના કુશળ નેતૃત્વ અંગેના તથા હોસ્ટેલ એડમિનિસ્ટ્રેટર શ્રી પુષ્પાબહેન જોષીએ શ્રી વલ્લભભાઈ પટેલ અંગે મહાન પુરૂષોએ રજુ કરેલા વિચારો-અભિપ્રાયો શ્રોતાઓ સમક્ષ મુકયા હતા. શ્રી સરદાર પટેલ જયંતિ, 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવાતી હોવાથી તેમની જીવન ઝરમરને દર્શાવતી એક ડોકયુમેન્ટરી શ્રી મુકુલભાઈ ગોકુલગાંધી દ્વારા દર્શાવવામાં આવી હતી અને પછી તરત જ કાર્યક્રમમાં ઉતસ્થિત સૌએ રાષ્ટ્રીય એકતા માટેના શપથ લીધા હતા. આ પછી ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, 'પરિસ્થિતિઓને અનુકૂળ થવાને બદલે, પરિસ્થિતિ પારખીને, સમયની જરૂરિયાત, અનુસાર, નિર્ણય લેવાની જે શક્તિ શ્રી સરદાર પટેલમાં હતી તે ગુણ દરેકે વિકસાવવા જેવો છે.' કાર્યક્રમનાં અંતે, આભારવિધિ શ્રી કલ્પનાબહેન જોષીએ કરી હતી અને છેલ્લે રાષ્ટ્રગાન પછી, મીઠું મોઢું કરીને સૌ છુટા પડયા હતા.

## ૩) 'Health Center' અંતર્ગત પ્રવૃત્તિઓ :-

૧) ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં કાર્યરત 'Health Center' દ્વારા સંકુલમાં કોઈ પણ વિભાગમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે વિના મૂલ્ય જરૂરી માર્ગદર્શન સારવાર તથા દવાઓ આપવાનું કાર્ય સતત ચાલુ જ રહે છે.

૨) ઉચ્ચશિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા 'ગુટખા પ્રતિબંધ' અંગે લોકજાગૃતિ કેળવવા અંગે મળેલ સુચના અનુસાર, 'Health Center' દ્વારા નવેમ્બર-૨૦૧૪ દરમ્યાન નીચેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ★ તા. ૨૧-૧૧-૧૪ - જુથચર્ચા,
- ★ તા. ૨૩-૧૧-૧૪ - પોસ્ટર મેકિંગ સ્પર્ધા,
- ★ તા. ૨૪-૧૧-૧૪ રેલીનું આયોજન તથા વ્યસનમુક્તિ શપથ
- ★ તા. ૨૫-૧૧-૧૪ BAPS સ્વામીનારાયણ મંદિર પોરબંદરના સહયોગથી પોસ્ટરપ્રદર્શન.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં 'Health Center' ના કો-ઓર્ડિનેટરશ્રી ડૉ. જયશ્રીબહેન પરમાર ઉપરાંત ડૉ. કેતનભાઈ શાહ તથા શ્રી ભારતીબહેન શીંગરખીયાએ જહેમત ઉઠાવી હતી તથા એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ- ડૉ. ગીતાબહેન ઉનડકટ તથા પ્રા. દક્ષાબહેન ચોટાઈ ઉપરાંત Youth Red Cross ના પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. ચેતનાબહેન બેચરા તથા ડૉ. વાઘેલાસાહેબ, ડૉ. સ્મિતાબહેન આચાર્ય તથા પ્રા. ઋષિભાઈ પંડયાનો સહયોગ પ્રાપ્ત થયો હતો તથા વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબ તથા પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.



## ૪) સપ્તધારા અંતર્ગત પ્રવૃત્તિઓ :-

**નાટયધારા :-** તા. ૧૦-૧૦-૨૦૧૪ ના રોજ પોસ્ટર પ્રદર્શન, વિષય - સ્વચ્છતા.

## ૫) અભ્યાસવર્તુળ અંતર્ગત પ્રવૃત્તિઓ :-

**કોમર્સ અંગ્રેજી માધ્યમ :-** તા. ૦૧-૧૦-૨૦૧૪ ના રોજ, ગાંધીજયંતિ નિમિતે કોમર્સ (અંગ્રેજી માધ્યમ)ની વિદ્યાર્થીનીઓ દ્વારા એક ચાર્ટ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ. ગાંધીબાપુના વિવિધ વિષયો સંબંધી વિચારોને વિદ્યાર્થીનીઓએ ચાર્ટ પર ઉતાર્યા હતા. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ડૉ. વી.આર. ગોઢ ાણિયા શૈક્ષણિક સંકુલના ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ઉપરાંત, ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા તથા પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબે આ ઉદ્‌ઘાટન પ્રસંગમાં હાજરી આપી હતી.

## ૬) વર્ષગાંઠઅભિનંદન :-

પ્રસ્તુત અંકમાં, ડિસેમ્બર-૨૦૧૪ તથા જાન્યુઆરી તથા જાન્યુઆરી-૨૦૧૫ માં જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેમને વર્ષગાંઠની શુભકામનાઓ પાઠવતા 'જ્યોતિર્ગમય'ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

ડિસેમ્બર-૨૦૧૪

૧) તા. ૦૪ ડિસેમ્બર-૨૦૧૪, આદરણીય ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયા
૨) તા. ૦૧ ડિસેમ્બર-૨૦૧૪, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ
૩) તા. ૨૧ ડિસેમ્બર-૨૦૧૪, પ્રા. દક્ષાબહેન ચોટાઈ
૪) તા. ૧૨ ડિસેમ્બર-૨૦૧૪, પ્રા. જશુબહેન ચાનપા

જાન્યુઆરી-૨૦૧૫

૧) તા. ૦૪ જાન્યુઆરી - ડૉ. ગીતાબહેન ઉનડકટ
૨) તા. ૦૬ જાન્યુઆરી - પ્રા. દેવાયતભાઈ બાકુ
૩) તા. ૧૯ જાન્યુઆરી -ઋષિતાબહેન ભટ્ટ
૪) તા. ૨૯ જાન્યુઆરી - સુનીતાબહેન પોપટીયા

ઉપરોક્ત તમામ સભ્યોને તેમની વર્ષગાંઠ નિમિત્તે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ પરિવાર વતી ખુબ ખુબ અભિનંદન સાથે ભાવિ પ્રગતિ માટે શુભકામનાઓ.

## ૭) હોસ્ટેલ કોર્નર :-

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા હોસ્ટેલમાં રહીને ગોઢાણિયા મહિલા કોલેજમાં અભ્યાસ કરતી નીચેની વિદ્યાર્થીનીઓએ ઓક્ટોબર-૨૦૧૪ માં યોજાયેલ 'પોરબંદર જિલ્લા ખેલ મહાકુંભ રમતોત્સવ' માં ઉત્સાહભેર ભાગ લીઈને ઉચ્ચ વિજેતા ક્રમ પ્રાપ્ત કર્યો છે.

૧) તા. ૧/૧૦/૨૦૧૪- ક્રિકેટ, વિજેતાઓ :- કુ. મીના એ. ઓડેદરા, કુ. મધુ એ. ઓડેદરા, કુ.લીલુ એ. કેશવાલા, કુ. દીપુ એમ. કારાવદરા
૨) તા. ૪/૧૦/૨૦૧૪-યોગાસન, વિજેતાઓ :- કુ. જ્યોત્સના ડી. ટીંબા, કુ. કરૂણા કે. બારડ, કુ. દેવલ એમ. મોઢવાડીયા, કુ. રેખા બી. ઓડેદરા
૩) ખો-ખોમાં નેશનલ લેવલ પર રમવા માટે સિલેકશન, વિજેતાઓ :- કુ. દેવી કે. પરમાર, કુ.નિશા જે. ઓડેદરા, કુ. માનસી વી. ઓડેદરા
૪)ક્રિકેટ - રણજી ટ્રોફીમાં રમવા માટે સિલેકશન, વિજેતાઓ :- કુ. મીના એ. ઓડેદરા, કુ. પુજા બી. ઓડેદરા તમામને અભિનંદન

## ૮) ટીચર્સ કોર્નર :-

**સંસ્કૃત વિભાગ :**

સાગરની છીપમાં પડેલું વાદળનું પાણી જેમ મોતી બને છે તેમ વિશિષ્ટ પાત્રમાં (શિષ્ય) માં મુકાયેલી ગુરૂ કે શિક્ષકની કલા પણ ઉત્કર્ષ પામે છે.
- ડૉ. ગીતાબહેન ઉનડકટ

દરેક બાબતો માટે, કાર્યો માટે આપણા વિચારો કારણભૂત હોય છે. તમે એક વિચાર વાવો અને કાર્ય લણો છો. તમે કાર્ય વાવો છો અને તમે આદત કેળવો છો. તમે આદત માવજતથી ઉછેરો છો અને ચારિત્ર્ય કેળવો છો. તમે ચારિત્ર્યથી પુરૂષાર્થ કરો છો અને નિયતિ ઘડો છો. આમ દરેકના પાયામાં તો ''વિચાર'' જ છે, જેનાથી શરૂઆત થાય છે. -પ્રા. વર્ષા જોષી

મોટામાં મોટા મહાન સંકલ્પો આવેગમાં જ જન્મે છે.

**અંગ્રેજી વિભાગ :**

**કેટલું ?**

કેટલું ? કેટલું ? તને કહું
એટલું
લોકો કહે છે તને કાયર
મને લાગે છે તું શાયર

કેટલું ? કેટલું ? તને કહું
એટલું
લોકો કહે છે તને અઝનબી
મને લાગે છે તું શબનમી

કેટલું ? કેટલું ? તને કહું
એટલું
લોકો કહે છે તને અભિમાની
મને લાગે છે તું સ્વાભિમાની

કેટલું ? કેટલું ? તને કહું
એટલું
લોકો કહે છે તને લાલચુ.
મને લાગે છે તું આળશુ.
કહેવું ગમે છે મને એટલે કહ્યું
મે તને

- પ્રા. ખુશાલભાઈ શીલુ

દિવસનો અંત અંધારું,
એ છે રહસ્ય,મજાનું,
નવા ઉજાશનું એંધાણ
કે પછી કાયમી રહેવાનું ?
- પ્રા. ઋષિતા ભટ્ટ

A dew drop trembling on a lotus petal, so uncertain is life... not known for how long...! The entire world that you see around know is full of dole, disease and conceit. The company of the good is the only skiff that rows across the ocean of change.

Hence, pray to Govinda

Lect.- Nita M. Borisagar

**૯) સ્ટુડન્ટ કોર્નર :-**

૧) સંગીત સુનકર જ્ઞાન નહી મિલતા,
મંદિર જાકર ભગવાન નહી મિલતા,
પથ્થર તો લોગ ઈસલિયે પુજતે હૈ
ક્યોકિં વિશ્વાસ કે લાયક ઈન્સાન નહી મિલતા

૨) અચ્છા ઇન્સાન એક ફુલ કી તરહ હોતા હૈ,
જિસે હમ તોડ ભી નહી સકતે ઔર છોડ ભી નહી સકતે,
ક્યોકિ તોડ દિયા તો વો મુર્ઝા જાયેલા,
ઔર છોડ દિયા તો કોઈ ઓર લે જાયેલા

- ઓડેદરા મંજુ (બી.કોમ. સેમ-૧ અંગ્રેજી માધ્યમ)

**દોસ્ત**

દુઃખનો સહારો છે આ દોસ્ત,
સુખનો સાથી છે આ દોસ્ત,
હરપલનો સાક્ષીએ છે આ દોસ્ત,
બધી જ મુશ્કેલીનું નિવારણ છે આ દોસ્ત,
જયારે કોઈ ના હોય ત્યારે આધાર છે આ દોસ્ત,
ના હોય જયારે ત્યારે સમજવું નથી આ દોસ્ત,
પરખ એની બહુ જ આકરી,
પરખાય એની જિંદગી સહેલી છે.
દુઃખનો...

- મોનિકા જોષી (બી.કોમ.સેમ-૫)

**૧૦) પ્રિન્સિપાલશ્રીની કલમે :-**

Dear Friends,

I wish you all a very happy Christmas and a fruitful 2015.

As the Christmas month gets underway let us all recall the life and teachings of the 'Master' – Jesus Christ. As an embodiment of Love and Non-violence, he spiritually evolved from being a 'Messenger of God' (**Dwaita Siddhanta**), a 'Son of God' (**Vishishtadwaita**) and finally to being 'One with God' (**Adwaita**). That it is possible to realize God 'here and now' sums-up the entire philosophy of Christianity. Secondly lot of emphasis is placed on being good **Samaritans**. As fellow human beings let us resolve once again to respect 'life' and 'living'.

**Dr. Nagarsir**

**૧૧) તંત્રી સ્થાનેથી :-**

ગીતાનો ભક્તિમાર્ગ કર્મપ્રધાન છે. માણસે સ્વધર્મ પ્રમાણે પોતાને પ્રાપ્ત થયેલું કર્તવ્ય જે હોય તે કરતા રહેવાનું પણ ફળની આશા રાખીને નહી. નિમિત થઇને કર્મ કરનારને કર્મ બંધનરૂપ નથી થતું. ભગવાનને કેવળ ફળફુલ ચડાવીને પુજન ન કરતા નિષ્કામ કર્મથી પોતાનો સ્વધર્મ બજાવી તેનું પુજન બધાએ અવશ્ય કરવું જોઈએ એવો ગીતાનો મુખ્ય આદેશ છે. કર્મમાં ભક્તિનું આ તત્વજ્ઞાન ગીતા સિવાય બીજા કોઈ ગ્રંથમાં નથી. ગીતા જ એક એવો પવિત્ર ગ્રંથ છે. જેની જયંતિ ઉજવાતી હોય અને તે દિવસ એટલે માગશર સુદ એકાદશી. ગીતાનો મર્મ સમજી ગીતામાનું જ્ઞાનનું અમૃત પીને જીવન અમૃતમય બનાવવાનો સંકલ્પ આ જયંતિના દિવસે લેવાય તો જીવન ધન્ય બની જાય.



**ડૉ. રેખાબહેન મોઢા** **પ્રા. વર્ષાબહેન જોષી**

**શ્રી કલ્પનાબહેન જોષી**

**પ્રા. ઋષિભાઈ પંડયા** **શ્રી સુરેશભાઈ ગોરસીયા**

